# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૩/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા યોજાયેલા વેબિનારમાં સફળ જીવનની સફર વર્ણવી ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપતા ઉદ્યોગપતિ ગિરીશ લુથરા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના જાણીતા ઉદ્યોગપતિ ગિરીશ લુથરા સાથે તેમની જીવનની સફળ સફર વિશે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે પર્યાવરણની જાળવણી સાથે ઉદ્યોગમાં કરેલા નવા સાહસ વિશે માહિતી આપી ઉદ્યોગ સાહસિકો માટે પોતાના મહત્વના સૂચનો વર્ણવ્યા હતા.

ગિરીશ લુથરાએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે સફળતાને વ્યવસાયિક, કૌટુંબિક, સામાજિક, જ્ઞાન, આરોગ્ય અને આધ્યાત્મિકતાના માપદંડ દ્વારા મૂલવવામાં આવે છે. પરંતુ આપણી સફળતા ગ્રીન બેલેન્સશીટ દ્વારા મપાવવી જોઇએ અને તેના પરથી એવું પ્રતિપાદિત થવું જોઇએ કે પર્યાવરણની સુરક્ષા માટે આપણે કેટલો કચરો મેનેજ કરી શકયા છીએ.

સુરતનો કાપડ ઉદ્યોગ ખૂબ સંકુચિત માનસિકતા અને પરંપરાગત વિચારો સાથે કાર્યરત છે. આપણે હજી પણ ખૂબ જ અસંગઠિત છીએ અને એક મોટા ગામની સંસ્કૃતિ સિવાય કંઈ નથી. મેં મારી જાતને કમિટમેન્ટ આપ્યું હતું કે કોઇ દિવસે મારું જ્ઞાન અને મારી ક્ષમતા મારા ક્ષેત્રના બીજા કોઈપણ કરતા વધારે થશે ત્યારે એક દિવસ હું એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને વ્યાખ્યાનો આપીશ. મારા પિતા હંમેશા મને માર્ગદર્શન આપતા હતા કે કોઈ કામ નાનું નથી, તમારે બધું કરવાનું શીખવું જ જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકોની બીજી અથવા ત્રીજી પેઢી સાથે સૌથી પ્રથમ અને મોટો પડકાર એ છે કે પિતા અથવા વરિષ્ઠ ટીમના સભ્યો તેઓની વાત સાંભળતા નથી અને તેઓની વાતને અગત્યતા આપતા નથી. મારો અનુભવ છે કે તમે બીજાની સેવા માટે નીકળી જાઓ ત્યારે સમગ્ર પ્રક્રિયા દરમ્યાન તમે વ્યક્તિગત રીતે ઘણું શીખો છો અને ઘણી તકો તમને મળે છે.

અમે ત્રણ મિત્રોએ મળીને 'વેસ્ટ મિનિમાઇઝેશન' ગ્રુપ બનાવ્યું હતું. આ ગ્રુપ બનાવવા પાછળનો વિચાર 'ટેકસટાઇલમાં વેસ્ટનું પ્રમાણ ઘટાડવા'નો હતો. પ્રથમ તેનો પ્રયોગ પોતે કરવો અને ત્યારબાદ ઉદ્યોગને તેના અમલીકરણ માટે મટિરિયલ પબ્લીશ કરવાનો હતો. આ વિચારની પાછળ અમે એક વર્ષ કામ કર્યુ અને તે અંગે નવી દિલ્હી ખાતે મળેલી ઇન્ડો–યુએસ કોન્ફરન્સમાં પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. ત્યારબાદ યુએન કોન્ફરન્સ માટે આમંત્રણ પણ મળ્યું હતું. ચિતરંજન દેસાઈએ એક કાગળ રજૂ કર્યો હતો.

કાપડથી પર્યાવરણ સુધીની સફરમાં મને સમજાયું કે આપણે કયારેય પૈસાનો પીછો નહી કરવો જોઈએ. જ્ઞાન મેળવવા માટે દોડશો તો પૈસા આપોઆપ તમારી પાછળ આવશે. ૯૦ના પ્રથમ ભાગમાં, અમે બિઝનેસમાં લોકોને સ્થિર અને અસરકારક કેવી રીતે કરવા તે શીખવાનું શરૂ કર્યુ હતું. અમારો વ્યવસાય નાનો હતો. સિંગલ એકમ હતા છતાં અમે યોગ્ય રીતે પસંદ કરેલા યોગ્ય પ્રોફેશનલ્સને મેનેજમેન્ટની જવાબદારીઓ સોંપી હતી.

વર્ષ ૧૯૮૩માં, મને સ્વિત્ઝર્લેન્ડમાં ફોટોગ્રાફિક પ્રિન્ટિંગ ટેકનોલોજી શીખવાની તક મળી. તેના વિશે કોઈ જાણતું ન હતું. આ ટેકનોલોજીને ભારત આવવામાં ૧૫ વર્ષ લાગ્યા હતા. આ બાબતે હું બાકીના કરતા આગળ હતો. વર્ષ ૧૯૯૫માં, મેં ગારમેન્ટ ફેબ્રિકને નિર્યાત કરવાનું શરૂ કર્યું હતું. જ્યારે અન્ય લોકો સ્થાનિક બજારમાંથી મેળવેલા જોબ વર્ક પર સંપૂર્ણ કામ કરતા હતા. અમે જર્મન ધોરણો મુજબ પ્રોસેસિંગ કરતા હતા અને જર્મનીઓ પર્યાવરણની બાબતમાં ખૂબ જ કડક હતા.

જીવનમાં એક તબક્કે, મેં કંઈક કર્યું, જે તે સમય સુધી મારા માટે અકલ્પ્ય હતું. મને મારા નામનું પેટન્ટ મળ્યું. ખરેખર મેં લૂપેજર, કલર ફિક્સેશન મશીન ડિઝાઇનમાં ફેરફાર કર્યો હતો, જેના માટે મને પેટન્ટ મળ્યું. આ બધું એન્વાયરમેન્ટ સ્ટડીઝ અને વેસ્ટ રિડકશન ટેકનીકસ શીખવાને કારણે થઇ શકયું.

એક મારા માર્ગદર્શક કમલ તુલસીયાને મને પૂછ્યું કે જો પ્રોજેક્ટ નિષ્ફળ જાય, તો તમે શું ગુમાવશો? અને શું તે નુકસાન તમને તમારી જીવનશૈલી બદલવા માટે મજબુર કરશે? મેં ના કહ્યું'. તેમણે કહ્યું કે પછી આગળ વધો અને પ્રયત્ન કરો. ટેકસટાઇલ એ મારુ પેશન અને પ્રથમ પ્રેમ છે. પર્યાવરણ પછી એક શોખ તરીકે આવ્યું અને તે પણ પેશન બની ગયું.

આજે, દરેકને પૈસા અને પાવર જોઇએ છે. તમે તેમનાથી પોતાને કેવી રીતે જુદા પાડશો? એક માત્ર જ્ઞાન જ તમને તેઓનાથી જુદા પાડી શકે છે. ૪૦ વર્ષની ઉંમરે, તમે ખરેખર વર્ગખંડની તાલીમ માટે જાઓ છો, તે ઘણા લોકો માટે કમ્ફર્ટેબલ હોતું નથી. પરંતુ આ રીતે તમે અન્ય લોકોથી પોતાને અલગ પાડી શકો છો. પ્રથમ પડકારો પણ હેન્ડલ કરવા મુશ્કેલ છે. જેમ જેમ તમે મોટા થાવ છો તેમ તમે વિરોધીઓ નિર્માણ કરો છો.

ભલે આપણી પાસે સારો સમય હોય કે ખરાબ, આપણે આજ સુધી કોઇની સાથે દગાબાજી કરી નથી અને કયારેય નહીં કરીએ. મારા જીવનનો મુખ્ય હેતુ જીવનનો આનંદ લેવો અને હંમેશા ખુશ રહેવાનો છે. માત્ર હું જ

નહીં, ૫ વર્ષના ખરાબ પેચ પછી પણ, તમે મારી ટીમને જુઓ, તેઓ મારા જેવા જ ખુશ છે. તેમનો હેપ્પીનેસ ઈન્ડેક્સ વધારે છે અને તેથી જ તેઓ સર્વાઇવ કરી ગયા છે. સુરતી લોકો નાની નાની વસ્તુઓથી ખુશ હોય છે. તેમની પાસે મર્સિડીઝની માલિકી છે, તો પણ તેઓ ફૂટપાથ પર બેસે છે અને ખાય છે, અને ખૂબ આનંદ કરે છે.

કુટુંબ સંચાલિત કંપનીમાંથી વ્યવસાયિક સંચાલિત કંપનીમાં સ્થળાંતર કરતી વખતે, સૌથી મોટો પડકાર વ્યક્તિગત મોરચો છે અને તે છે કે પહેલા તો આપણે પોતે જ નહી સુધરીશું. આજે મારી પાસે એટલી મજબૂત મેનેજમેન્ટ ટીમ છે કે જો તમે મને ૨૪ કલાક આપો અને મને ૧૫ દિવસ માટે બહાર જવા માટે કહો, તો હું તૈયાર થઇ જઇશ. અને તે ૧૫ દિવસમાં, મને ભાગ્યે જ ૧૫ કોલ્સ આવશે. કોઈપણ પદ માટે તમારી પાસે પાંચ કુશળતા હોવી જોઇએ. જેમાં ઉદ્યોગસાહસિકતા, નવીનતા, સંચાલકીય, સુપરવાઇઝરી અને કાર્યકર કુશળતાનો સમાવેશ થાય છે.

મારા માટે જીવન એટલે કૌટુંબિક, નાણાં, આરોગ્ય, સામાજિક, માનસિક અને આધ્યાત્મિકતા છે. હું તે બધામાં સંતુલન રાખવાનો પ્રયત્ન કરું છું અને હંમેશા ખુશ રહેવા માટે માનું છું. હવે આપણે મૂળભૂત રીતે એક પર્યાવરણ અને ઔદ્યોગિક માળખાગત કંપની છીએ અને ઘણા બધા ઔદ્યોગિક કલસ્ટરો વિકસાવી રહ્યા છીએ. સમસ્યા એ છે કે લોકો આજે અથવા મહિનાઓની દૃષ્ટિએ વિચારે છે, હું દાયકાઓ કે પછી આગામી પેઢીની દૃષ્ટિએ વિચારવામાં માનું છું. તેથી વર્ષોથી ખરાબ પેચ મને ખલેલ પહોંચાડતું નથી.

તેઓ જમશેદજી ટાટા, વોરેન બફેટ અને ધીરુભાઇ અંબાણીને પોતાના રોલ મોડલ્સ માને છે. જમશેદજી ટાટાએ કલ્પનાયુક્ત સમયમાં સપનું જોયું અને એક એન્ટરપ્રાઇઝ બનાવ્યું જ્યારે બ્રિટીશ આપણી ઉપર શાસન કરતા હતા. મને આશ્ચર્ય એ વાતનું છે કે તેમણે આ કેવી રીતે કર્યું. તે ખરેખર મહાન હતું. વોરેન બફેટ કહેતા કે મારી પાસે જે જરૂરી છે તે હશે અને બાકીનું છોડીશ. તેમણે ઘણા પૈસા કમાવ્યા છે પરંતુ તેનો ક્યારેય વ્યય કર્યો નથી અને તેમના સમગ્ર જીવન દરમિયાન તે ખૂબ જ સરળ રહયા છે. ધીરુભાઇ અંબાણીએ ઘણા ભારતીયોને મોટા સ્વપ્નો શીખવ્યા છે.

ઉદ્યોગ સાહસિકોને સલાહ આપતા જણાવે છે કે, જીવનમાં સંતુલન રાખો અને તમામ મહત્વપૂર્ણ પાસાઓને પ્રાધાન્ય આપો. નવીનતા વિશે વિચારો અને તે માટે સતત શીખવું જરૂરી છે. અન્યને બતાવવા માટે કામ નહીં કરો, વ્યક્તિગત સંતોષ માટે કામ કરો અને અર્થપૂર્ણ યોગદાન આપો. તમારો સમય સારી રીતે મેનેજ કરો. જો તમારું કાર્ય સમયસર પૂર્ણ થતું નથી, તો તમારી જાતને ફરીથી ગોઠવો. ક્યારેય ન કહો કે હું વ્યસ્ત છું અને મારી પાસે વધારે કામ છે.

અંતે તેમણે કહયું હતું કે, પોતાને શિક્ષિત કરો. ખાસ કરીને એવા યુવાનો કે જેઓ વિચારે છે કે જો આપણે કૌટુંબિક વ્યવસાયમાં જોડાવાનું હોય તો અભ્યાસ શા માટે કરવો? તો તેઓનો આ વિચાર ભ્રામક છે. હાર્વર્ડ સર્વેક્ષણ દર્શાવે છે કે ૫૪ % બિઝનેસ બીજી પેઢીના હાથમાં ગયા બાદ નિષ્ફળ જાય છે, માત્ર ૭ % બિઝનેસ ત્રીજી પેઢી સુધી બચે છે અથવા ટકે છે. વધુમાં તેમણે સ્પીડ, એમ્પાવરમેન્ટ, ઇનોવેશન, કેર, કમિટમેન્ટ અને ઓનરશિપ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારનું સંચાલન સુપેરે પાર પાડયું હતું.